અંક : ૨૬ ઓગસ્ટ ૨૦૨૪

# દશનામ

## સરક્યુલર

માસિક ગુજરાતી ઈ-મેગેઝિન

# દશનામ

ⓔ સરક્યુલર


વર્ષ : ૦૩

●

અંક : ૨૬
વિશેષાંક : ૦૧

●

ઓગસ્ટ ૨૦૨૪

●

તંત્રી
**લલિતપુરી રામપુરી ગોસ્વામી**
મો. 9898 550 833

●

E-mail
dashnamcircular@gmail.com

●

પ્રકાશન અને સંકલન
લલિતપુરી આર. ગોસ્વામી
જામજોધપુર / સુરત.

●

ડિઝાઈન
**જી.પબ્લીકેશન્સ**
સુરત.

●

પ્રાપ્તિ સ્થાન

**વોટ્સએપ ગ્રુપ** JOIN

**ટેલિગ્રામ** ચેનલ JOIN

**ગુગલ** ડ્રાઈવ CLICK

INTERNET Archive ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK


તંત્રીલેખ...

## પવિત્રતા...

* પવિત્રતા જીવનની સાચી પર્સનાલિટી છે, મહાન જીવનની મહાનતા છે.
* સંસારરૂપી કાદવ-કીચડમાં રહેવા છતાં જળકમળવત્ રહેવું એ જ પવિત્રતા છે.
* યાદ રહે કેવળ બ્રહ્મચર્ય જ નહીં પરંતુ મન, વચન, કર્મની શુદ્ધતા જ સાચી પવિત્રતા છે.
* પવિત્રતા સુખ-શાંતિની જનની છે.
* પવિત્રતાથી જીવન નિરામય, સુખ-સમૃદ્ધિથી સંપન્ન બને છે.
* વિચારોની પવિત્રતા વાણી અને કર્મને શ્રેષ્ઠ તેમજ સાર્થક બનાવે છે.
* પવિત્રતા એ આધ્યાત્મિક ઉન્નતિનો આધાર છે.
* પવિત્રતાથી સ્વયં પણ ખુશ રહી શકીએ છીએ અને બીજાને પણ ખુશી આપી શકીએ છીએ.
* વ્યકિતના વિચાર પવિત્ર બને તો તે સંત મહાત્મા બની જાય છે.
* પવિત્રતા પ્રાપ્ત કરવા માટે શુધ્ધ અને સાત્વિક ભોજન લેવું.
* પવિત્રતા પ્રાપ્ત કરવા માટે સત્સંગ, ઈશ્વરીય જ્ઞાનનું શ્રવણ કરવું.
* પવિત્રતા પ્રાપ્ત કરવા માટે દરેક આત્મા પ્રતિ શુભ ભાવના-શુભ કામના રાખવી.
* પવિત્રતા પ્રાપ્ત કરવા માટે ઈર્ષા, દ્વેષ, આવેશ, નફરતથી મુક્ત રહેવું.

– લલિતપુરી આર. ગોસ્વામી

# દશનામ

ઇ સરક્યુલર

## ... અનુક્રમણિકા ...

# દશનામ
## સરક્યુલર

# માસિક ગુજરાતી ઈ-મેગેઝિન

દર મહિને અંક પ્રાપ્ત કરવા માટે

વોટ્સએપ ગ્રુપ JOIN

ટેલિગ્રામ ચેનલ JOIN

ગુગલ ડ્રાઈવ CLICK

INTERNET Archive
ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK



# પ્રોફેશનલ લાઈફમાં મદદરૂપ થતા અમલ કરવા જેવા કેટલાક નિયમો...



સુરજપુરી ડી. ગોસ્વામી
સુરત

- કોઇપણ વ્યક્તિને ફોન કરો તો બે વખતથી વધુ વખત ફોન કોલ નહિ કરવાનો, કેમકે જો તે વ્યક્તિ ફોન નથી રીસીવ કરતા એનો મતલબ છે કે તેઓ કોઈ અગત્યના કામમાં વ્યસ્ત છે .
- જયારે કોઈ વ્યક્તિ તમને લંચ/ડિનર પર બોલાવે ત્યારે મોંઘી ડીશનો ઓર્ડર આપવો નહી, શક્ય હોય તો એ વ્યક્તિને જ કહેવું કે" આજે મારે તમારી પસંદગીનું ખાવું છે આપ જ ઓર્ડર આપો."
- કોઈ દિવસ ઓકવર્ડ પ્રશ્નો જેમકે "ઓહ! તો તમે હજુ સુધી લગ્ન નથી કર્યા?" અથવા "તમે હજુ સુધી ઘરનું ઘર કેમ નથી લીધું?" પૂછવા નહિ.
- હમેંશા તમારી પાછળ ચાલતી આવતી વ્યક્તિ માટે દરવાજો તમે ખોલજો પછી એ પુરુષ હોય કે સ્ત્રી. આ રીતે જાહેર સ્થળોએ કોઈ વ્યક્તિ સાથે આવું વર્તન કરવાથી તમે નાના માણસ નહી બની જાઓ.

- જો તમે ટેક્સીમાં કોઇ મિત્ર સાથે જતા હોવ તો તે આ વખતે ભાડું આપે છે તો તમે બીજી વખતે તમે જ આપજો.
- અલગ અલગ રાજકીય વિચારધારાને માન આપજો.
- કોઇ વ્યક્તિ બોલતું હોય ત્યારે એને વચ્ચેથી અટકાવવા નહી.
- જો તમે કોઈની મજાક કરતા હોવ અને એને મજા ના આવતી હોય તો એની મજાક કરવાની બંધ કરી દેશો.
- જયારે કોઇ વ્યક્તિ મદદરૂપ થયા હોય એનો હમેશા આભાર માનવો.
- જાહેરમાં હમેંશા વખાણ કરો અને ખાનગીમાં જ ક્રીટીસાઇઝ ( ટીકા / ટીપપણી) કરો.
- કોઈ દિવસ કોઈના વજન પર કોમેન્ટ ના કરો. જસ્ટ એટલું જ કહેવું "તમે મસ્ત લાગો છો" જો તેઓને વજન ઘટાડવું હશે કે વધારવું હશે અને તમારી પાસે નોલેજ હશે તો એ પૂછશે અને તો જ વજન વિશે વાત કરવી.
- જયારે કોઇ વ્યક્તિ એના મોબાઈલમાં ફોટો બતાવતા હોય ત્યારે કોઇ દિવસ એ ફોટો જોઈને "લેફ્ટ કે રાઈટ સ્વાઇપ" ના કરો તમને ખબર નથી હોતી કે આના પછી કેવો ફોટો હશે માટે એ ટાળવું.
- જો તમારા સહ કર્મચારી/મિત્ર તમને કહે કે તેઓની ડોકટરની એપોઇન્ટમેન્ટ છે તો કદાપિ પૂછવું નહી કે  શેના માટે છે? માત્ર એટલું જ કહો કે "ઓકે આશા રાખું છુ કે સારું થઇ જશે" જો તેઓ પોતાની બિમારી વિશે જણાવવા માંગતા હોય તો જ જાણશો કેમકે ઘણી વખત તેમની બીમારી ખાનગી હોઇ શકે છે.
- સફાઇ કામદારોને પણ એમ.ડી. જેટલી જ રીસ્પેકટ આપો તમે કોઇ સાથે ખરાબ રીતે વર્તો છો એનાથી કોઇ સારી ઇમ્પ્રેશન નહિ પડે, પરંતુ લોકો તમે કેટલી નમ્રતાથી વાત કરો છો એની સારી ઇમ્પ્રેશનની નોંધ લેશે.
- જો કોઇ વ્યક્તિ તમારી સાથે વાત કરતો હોય તે વખતે તમારું એની સામે જોવાને બદલે ફોનમાં જોવું એ ખરાબ આદત છે.
- જ્યાં સુધી પૂછવામાં ન આવે ત્યાં સુધી સલાહ આપવી નહિ.
- જ્યાંરે કોઇ વ્યક્તિને ઘણા સમયે મળતા હોઇએ ત્યારે એમની ઉમર અથવા પગાર વિશે પૂછવું નહિ.
- તમારા બિઝનેસને જ્યાં સુધી કોઇ વ્યક્તિ ખરાબ ચીતરવાની કોશિશ ના કરે ત્યાં સુધી એ વ્યક્તિને બિઝનેસને લઇને દુશ્મન ના બનાવો.
- જયારે કોઈપણ વ્યક્તિ સાથે વાત કરતા હોઇએ ત્યારે ગોગલ્સ પહેર્યા હોય તો એ કાઢીને વાત કરવી. આ વસ્તુ તમે એને આદર આપો છો એવું દર્શાવે છે. અને આપ જાણો જ છો કે આંખના કોન્ટેકટથી તમારી વાતચીતની અસર સારી રહે છે.

**રંગ દે**
**બસંતી...**



# નેતાજી સુભાષચંદ્ર બોઝ...

## આખું જીવન રાષ્ટ્રને સમર્પિત કરનારા બોઝબાબુનાં મોતનું રહસ્ય હજુ અકબંધ છે...!

- રમેશપુરી યુ. ગોસ્વામી 'સારથિ'
લાકડિયા, ભચાઉ (કચ્છ)



સુભાષચંદ્ર બોઝ ભારતનાં પહેલા વડાપ્રધાન હતા એ વાત વિશ્વભરમાં જાણીતી છે, પણ આપણે ત્યાં રાજકિય કાવા દાવાનાં કારણે આ રોકડું સત્ય સ્વીકારાતું નથી. અનેક દેશોએ એમને માન્યતા આપી હતી. એમની વિરાટ ફૌજથી અંગ્રેજો સહિત અનેક દેશો ડરતા. આ ડરનાં કારણે જ અંગ્રેજોએ ભારત છોડ્યું હતું. અહિંસાથી યુદ્ધ ન જીતાય. એ માત્ર પુસ્તકોનાં પાને રૂડી લાગે. બસો-અઢીસો વર્ષ ક્રૂર શાસન કરનાર અંગ્રેજો અચાનક અહિંસાનું ગાણું ગાતા ગાતા વિદાય થયા એવી વાત કરવી જ મૂર્ખાઈ છે. લાખો લોકો ફાંસીનાં માંચડે હસતાં હસતાં ઝૂલ્યા છે, લાખો ભગત સિંહોએ મરણને વહાલું કર્યું છે. કોઈ એક વ્યક્તિ, ચાહે એ ગાંધી જ કેમ ન હોય, એને આઝાદી અપાવનારા ન કહી શકાય. આઝાદીનાં ઇતિહાસને રાજકિય પક્ષો પોત પોતાની રીતે અર્થ ઘટિત કરતા રહેશે, પણ સત્ય જાણવું જરૂરી બની જાય છે. કોઈ એક



પરિવારની આસપાસ આઝાદીના ઇતિહાસની કલમ ફરતી રહે એનાથી મોટું હાસ્યાસ્પદ બીજું શું હોઈ શકે?

નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવન પર જોઈએ એટલું સમજાયું અને લખાયું નથી. પાર્ટી વિશેષ અને પરિવાર વિશેષની બાદશાહત ખતમ ન થઈ જાય એ હેતુથી જાણી જોઈને આવા અનેક મહાન વ્યક્તિઓને હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા છે. પણ એમની સેવાકીય પ્રવૃત્તિઓ એટલી વિરાટ રહી છે કે કોઈ કાળે સુરજ ઢાંક્યો રહેતો નથી. (૨૩ જાન્યુઆરી, ૧૮૯૭ - ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫). કોલકતા વિશ્વ વિદ્યાલયમાંથી અભ્યાસ કર્યો. ઓરિસ્સાનાં કટક શહેરમાં જાનકીનાથ બોઝ - પ્રભાવતીનાં ઘેર જન્મ. નાનપણથી જ દેશભક્તિ રગેરગમાં દોડે. જાનકીનાથ વકીલાતનું કામ કરતા. કટક મહાપાલિકા, વિધાનસભા સભ્ય રહ્યા. અંગ્રેજો તરફથી રાયબહાદુરનો ખિતાબ પણ એનાયત કરવામાં આવેલ. ૧૪ સંતાનમાંથી સુભાષનો નવમો ક્રમ. ૬ દીકરીઓ, ૮ દીકરાઓ. ભર્યા ભાદર્યા પરિવારમાં ઉછેર થયો. એમનાં લગ્ન એમ્લી સ્નેચકી સાથે થયેલ. અનિતા બોઝ નામે એક પુત્રી હતી. રેવેંશો કોલેજીયેટ હાઇસ્કુલમાં શિક્ષક વેણીદાસ માધવનાં હાથ નીચે દેશભક્તિની જ્વાળાઓ ઉઠી. માધવ સાહેબ દેશ પ્રેમનાં તીખાં પ્રવચનો આપતા. અવાજ ઉઠાવવો જોઇએ... એવું શિક્ષણ મળવા લાગ્યું. ૨૫ વર્ષની ઉંમરે ગુરુની શોધમાં હિમાલય ભાગી ગયા. સાચા સદગુરુ તો ન મળ્યા, પણ સ્વામી વિવેકાનંદનું સાહિત્ય વાંચીને એમને ગુરુ માની લીધા. ૧૯૨૧માં ઇંગ્લેન્ડ ગયા. ભારતીય સિવિલ સેવાની પરીક્ષા સફળતા પૂર્વક પાસ કરી. અંગ્રેજી નોકરી મળી, પણ મન માન્યું નહીં. મનમાં વિદ્રોહનો લાવા ઉકળતો હતો. આથી રાજીનામું ધરીને ભારત આવી ગયા. એજ વર્ષે છ માસ માટે કારાવાસ થયો. આ ક્રમ ખુબ લાંબો ચાલ્યો. ૧૯૨૫માં ગોપીનાથ સાહા નામના ક્રાંતિકારી મારવા માંગતા હતા પોલીસ અધિક્ષક ચાર્લ્સ ટેગાર્ડને, પણ ભુલથી અર્નેસ્ટ ડે નામના વેપારીને હણી નાખ્યો, આથી ગોપીનાથને ફાંસી થયેલી. આથી સુભાષચંદ્ર ખુબ રડ્યા. શવ મંગાવીને અંતિમ સંસ્કાર કર્યો. અંગ્રેજોને એવું લાગ્યું કે આ (સુભાષચંદ્ર) પણ ક્રાંતિકારીઓનાં સાથીદાર છે, આથી કોઈ પણ ગુન્હા વગર મુકદમો ચલાવ્યા વગર અનિશ્ચિત મુદત માટે મ્યાનમારની મન્ડાલે કારાગૃહમાં પુરી દીધા. અનેક અવરોધો બાદ પણ દેશભક્તિ અડગ ન થઈ. જેલમાં રેડિયો પર ૫ નવેમ્બર, ૧૯૨૫નાં રોજ દેશબંધુ ચિતરંજન દાસ (કોલકતા)માં અવસાન પામ્યા એવા સમાચાર સાંભળ્યા. આ બધા વચ્ચે એમને ક્ષય (ટીબી) ની બીમારી વળગી. પણ નિષ્ઠુર અંગ્રેજોએ જેલ મુક્ત ન કર્યા. શરતો રાખી,

પણ આ શરતો બોઝ બાબુને મંજુર નહોતી. ખુબ તબિયત લથડતાં મૃત્યુ પામશે એવું લાગતાં અંતે છોડવામાં આવ્યા. એમનો ઈલાજ ડેલહાઉસીમાં કરવામાં આવ્યો. ૧૯૩૦માં કારાવાસ દરમિયાન કોલકતાનાં મહાપૌર (મેયર) તરીકે ચુંટાયા. ૧૯૩૨માં ફરી જેલમાં પુરવામાં આવ્યા. અલમોડા જેલમાં તબિયત લથડતાં તબીબોની સલાહ અનુસાર યુરોપ જવા રાજી થઈ ગયા. ૧૯૩૩ થી ૩૬ સુધી યુરોપ રહ્યા. દરમિયાન દવા સાથે પોતાનું કાર્ય પણ ચાલુ રાખ્યું. ઈટલીનાં નેતા મુસોલિનીને મળ્યા. આયરલેન્ડનાં નેતા ડી.વે.લેરા દોસ્ત બની ગયા. જવાહરલાલ નહેરુનાં પત્ની કમલાબેનનું ઓસ્ટ્રેલિયામાં નિધન થયું ત્યારે નહેરુએ દુર્લક્ષ્ય સેવ્યું. આથી બોઝબાબુ ઓસ્ટ્રેલિયા જઈ આવ્યા. વિઠ્ઠલ પટેલને પણ યુરોપમાં મળ્યા. પટેલ સાહેબ બીમાર પડ્યા ત્યારે ખુબ સેવા કરી. પણ અંતે વિઠ્ઠલ પટેલનું નિધન થયું. પટેલ સાહેબ પોતાની કરોડોની સંપતિ સુભાષચંદ્રનાં નામે કરી ગયા. પણ બોઝબાબુને નાણું જોઈતું નહોતું. સરદાર વલ્લભભાઇ પટેલનાં માધ્યમથી આ મોટી રકમ ગાંધીજીનાં આશ્રમમાં દાન કરી દીધી. ગાંધી આશ્રમમાં આટલી મોટી રકમનાં દાતા સંભવત બોઝ જ હતા. પણ જ્યારે રાજનીતિની વાત આવી ત્યારે ગાંધીએ બોઝની ફેવર કરવાનું ટાળ્યું હતું. ૧૯૩૪માં પિતાનાં મૃત્યુશૈયાની જાણ થતાં સ્વદેશ પરત ફર્યા. પણ પિતાનું મૃત્યુ થયું. બોઝની ભારત આવવાની ખબર મળતાં જ અંગ્રેજો એ ધરપકડ કરી.ઘણાં દિવસો જેલ ગોંધી રાખ્યા. ફરી યુરોપ મોકલી દેવાયા. ૧૯૩૮માં હરિપુરા કોંગ્રેસનું વાર્ષિક અધિવેશન યોજાયું. સર્વાનુમતે એમને અધ્યક્ષની પદવી આપવામાં આવી. ૫૧ બળદ દ્વારા ખેંચવામાં આવેલા રથ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. અધ્યક્ષ સ્થાનેથી અનેક સુધારા વધારા કર્યા. બેંગલોરમાં ખ્યાતનામ વૈજ્ઞાનિક સર વિશ્વેશ્વરૈયાની અધ્યક્ષતામાં વિજ્ઞાન પરિષદ યોજી. ૧૯૩૭માં જાપાને ચીન પર આક્રમણ કર્યું ત્યારે ડૉ. દ્વારકાનાથ કોટણીસનાં નેતૃત્વમાં વૈદકીય પથક મોકલેલ.

બોઝ બાબુ ઝડપથી દેશ વિદેશમાં ખ્યાતિ મેળવી રહ્યા હતા. જે ઘણાંને ખટકતું હતું. ૧૯૩૮માં ગાંધીજીનાં વિરોધથી કોંગ્રેસ અધ્યક્ષપદેથી રાજીનામુ આપ્યું. ( અગાઉ બોઝ બાબુ દ્વારા કરવામાં આવેલ દાનને ગાંધી ભૂલી ગયા..!) ૧૯૩૯માં અધ્યક્ષપદની નિમણુંક બાબતે અનેક મતભેદો સામે આવ્યા. ગાંધીજી આશ્ચર્યજનક રીતે સુભાષચંદ્ર બોઝનો વિરોધ કરતા હતા. બોઝ ઈચ્છતા હતા કે અધ્યક્ષસ્થાને જે પણ હોય, તમામ આઝાદી હોવી જોઈએ. આ બેઠકમાં સીતારમૈયાની પસંદગી કરવામાં આવી. કવિવર્ય રવીન્દ્રનાથ ટાગોરે ગાંધીજીને પત્ર લખીને સુભાષને જ અધ્યક્ષતા આપવા જણાવ્યું. પ્રફુલચંદ્ર રાય, મેઘનાદ સહાય જેવા વૈજ્ઞાનિકો પણ સુભાષ બાબુનાં પક્ષે હતા. ખુબ રકઝક બાદ અધ્યક્ષપદ માટે ચુંટણી યોજાઈ. રવિન્દ્રનાથ ટાગોર જેવા



સિધ્ધ હસ્ત કવિનું અને એવા તો કેટલાય નામી-અનામી લોકોનું કહ્યું ગાંધીએ માન્યું નહોતું. કોંગ્રેસ જેવી વિદેશીઓ દ્વારા સ્થાપિત પાર્ટી પર કટ્ટર દેશ ભક્ત શાસન હોવું અતિ આવશ્યક હતું. આટલું સત્ય ગાંધી સમજવા તૈયાર નહોતા.

ગાંધી ખુલ્લીને સીતારમૈયાનો સાથ આપ્યો હતો. સીતારમૈયા અને સુભાષચંદ્ર બોઝ... સરખામણી કરી જુવો. સીતારમૈયાનું નામ કે કામ ખુબ શોધીએ ત્યારે માંડ માંડ મળે છે, જ્યારે બોઝ ખ્યાતનામ હતા. પણ અગેઈન, ગાંધી તો ગાંધી હતા. કોઈ જ ચોકસ કારણ આપ્યા વગર સુભાષજીનો વિરોધ કરવા લાગ્યા. સવાલ એ પણ છે કે ગાંધીજી કોઈ હોદ્દા પર નહોતા. છતાં, કોંગ્રેસમાં એમનું આટલું બધું વર્ચસ્વ શા માટે હતું?

બધા એવું માનતા હતા કે ગાંધીનું સમર્થન છે એટલે સીતારમૈયા આશાનીથી જીતી જશે. પણ થયું એથી ઉલટું. સુભાષબાબુને આ ચૂંટણીમાં ૧૫૮૦ મત મળ્યા, જ્યારે સીતારમૈયા ને ૧૩૭૭ મત મળ્યા. સર્વાનુમતે બોઝ બાબુ જીતી ગયા. પણ ના, અહીં પણ ગાંધી એ આડો ટાંટિયો નાખ્યો. સીતારમૈયાની હાર એ મારી હાર છે... (સરદાર પટેલ અને નહેરુ વખતે પણ આમ જ કર્યું હતું. પટેલ સાહેબ જીતી ગયા હતા, છતાં યેનકેન પ્રકારેણ, શામ, દામ, દંડ, ભેદથી નહેરુને તાજ પહેરાવ્યો હતો. કોઈ પણ પદ પર ન હોવા છતાં આટલી હદે ચંચુપાતનું શું ઔચિત્ય?? )

પોતાના સાથીદારોને કોંગ્રેસમાંથી રાજીનામું આપવાનું કહ્યું આથી ૧૪ માંથી ૧૨ લોકોએ રાજીનામું ધરી દીધું. ૧૯૩૯નાં અધિવેશનમાં ખુબ જ બીમાર હોવા છતાં સ્ટ્રેચર પર બોઝ બાબુએ હાજરી આપી. પણ ગાંધી ઉપસ્થિત ન રહ્યા. પક્ષમાં બે ફાડ પડી ગઈ હતી એને એક કરવા અનેક ઉપાય કર્યા, પણ ગાંધીનું જક્કી વલણ નરમ ન પડ્યું. આશ્ચર્ય જનક રીતે ગાંધી બોઝને જાણે કે નફરત કરતા હતા એવું ફલિત થઈ રહ્યું હતું. અંતે ૨૯ એપ્રિલ, ૧૯૩૯નાં રોજ બોઝે કોંગ્રેસ અધ્યક્ષપદેથી રાજીનામું ધરી દીધું. બોઝ બાબુનો વાંક શું હતો? એવું કોઈએ પૂછ્યું નહીં હોય? અને સીતારમૈયામાં ખાસ શું હતું...?

રાજીનામાનાં થોડા દિવસો બાદ જ ૩ મે, ૧૯૩૯ નાં રોજ ફોરવર્ડ બ્લોક નામથી પોતાની પાર્ટી શરૂ કરી. ત્યાર બાદ સુભાષચંદ્ર બોઝને કોંગ્રેસમાંથી બરતરફ કરવામાં આવ્યા. (આ વાક્ય બીજી વાર વાંચી જવું.) બોઝની પાર્ટી ટૂંક સમયમાં જ એક સ્વતંત્ર પાર્ટી બનીને ઉભરી. કોઈ રાજકીય પદ ભોગવવાની અપેક્ષા નહોતી, પણ આઝાદી અંતિમ લક્ષ હતું. દ્વિતિય વિશ્વયુધ્ધમાં જન જાગૃતિ આદરી. ફરી ધરપકડ કરવામાં આવી. આ પણ અજબ ગજબ હતું. જો કોંગ્રેસમાં રહે તો અંગ્રેજો લાલ જાજમ પાથરીને સ્વાગત કરે. પણ જો કોંગ્રેસ બહાર રહીને આઝાદીની વાત કરે તો દેશ દ્રોહ? એમને જેલ હવાલે કરવામાં આવ્યા.

બોઝ બાબુએ જેલમાં આમરણ ઉપવાસ આદર્યા. જબ્બર જન સાથ જોતાં અંગ્રેજોએ સુભાષચંદ્રને છોડી મૂક્યા. પણ ઘરમાં જ નજરકેદ કરાયા.

૧૬ જાન્યુઆરી, ૧૯૪૧નાં પઠાણનો વેશ ધારણ કરી મહમદ ઝિયાઉદ્દિન નામ સાથે પલાયન થઇ ગયા. શરદબાબુના મોટા પુત્ર શિશિરે ગાડીમાં ગોમોહ પહોંચાડ્યા.

આમ નેતાજી સુભાષચંદ્ર બોઝ એક બહુ મોટું નામ બની ગયા હતા. જર્મનીમાં ભારતીય સ્વતંત્રતા સંગઠન

આઝાદ હિંદ રેડિયોની સ્થાપના કરી.૨૯ માર્ચ, ૧૯૪૧નાં જર્મનીનાં નેતા એડોલ્ફ હિટલર ને મળ્યા. અલબત, હિટલરની હિટલર શાહીથી બોઝ બાબુ ઘણાં નારાજ હતા. કદાચ બંનેની વાતચીતમાં આવી કોઇ વાત છેડાઇ હોય. ત્યાર બાદ હિટલરે પોતાની આત્મકથા લખી એમાં ભારતીયોની બુરાઇ કરી હતી. બોઝ બાબુએ આ બાબતમાં પોતાની નારાજગી વ્યકત કરતાં હિટલરે માફી માંગી હતી તથા એ પ્રકરણ કાઢી નાખવાનું વચન આપ્યું હતું. વીર સાવરકરને માફી વીર કહેનારા તુચ્છ નેતાઓ, સાંભળી લ્યો. સુભાષ ચંદ્ર બોઝ પાસે એ જમાનાનાં સૌથી ક્રૂર શાસક હિટલરે માફી માંગી હતી. ( આ બાબતનો ગર્વ કરશોજી.)

પુર્વ એશિયા પહોંચીને તેમણે વૃધ્ધ થઇ ગયેલા ક્રાંતિકારી રાસબિહારી બોસ પાસેથી ભારતીય સ્વતંત્રતા પરિષદનું નેતૃત્વ સપ્રેમ લઇ લીધું. નેતાજીનાં વ્યકિતત્ત્વથી પ્રભાવિત થઈને જાપાનનાં પ્રધાનમંત્રી - જનરલ હિદેકી તોજો એ દેશ સમક્ષ ભાષણ કરીને બોઝ બાબુને તમામ મદદ કરવાનું વચન આપ્યું. (ગાંધીની પહેલી પસંદગી સીતારમૈયાની આવી કોઇ હેસિયત હતી?) નેતાજીએ ત્યાની સંસદમાં ભાષણ કર્યું હતું, જે ઘણું લોકપ્રિય થયું હતું. ૨૧ ઓકટોબર, ૧૯૪૩નાં રોજ સિંગાપોરમાં અર્જી હુકુમત એ આઝાદ હિંદ (સ્વાધીન ભારતની અંતરિમ સરકાર)ની સ્થાપના કરવામાં આવી. જેમાં સર્વ આગ્રહથી બોઝ બાબુ પોતે રાષ્ટ્રપતિ-વડા પ્રધાન અને યુદ્ધમંત્રી બન્યા. એ સમયમાં એક સાથે અનેક હોદાઓ રાખવા સામાન્ય બાબત હતી. જેથી પક્ષ કે સંગઠનમાં કોઇ તિરાડ ન પડે. આઝાદ હિંદ ફૌજની સરકારને નવ દેશોએ માન્યતા આપી હતી. (ભારતમાં હજી પણ માન્યતા મળી નથી. આઝાદ ભારતનાં સર્વ પ્રથમ વડાપ્રધાન સુભાષચંદ્ર બોઝ હતા...!) સેના ખુબ વિરાટ હતી. જેમાં સ્ત્રીઓ માટે અલગ રેજિમેંટ હતી, જેનું નામ ઝાંસી કી રાની હતું. પૂર્વ એશિયામાંથી આ ક્રાંતિથી ભારતમાં અંગ્રેજ સરકાર ડરી ગઇ હતી. તુમ મુજે ખુન દો, મેં તુમ્હે આઝાદી દુંગા... ખુબ લોકપ્રિય થયું. જય હિંદનો નારો પણ ખુબ બુલંદ બન્યો.

અનેક અવિસ્મરણીય કાર્યો કરતા રહ્યા. બોઝ - ગાંધી વચ્ચેનાં સંબધોમાં ખટરાગ હતો, એનો વિરોધીઓ ફાયદો ન ઉપાડે એવા કોઇ કારણ સર ૬ જુલાઈ, ૧૯૪૪નાં રેડિયો પર ભાષણ દરમિયાન ગાંધી માટે રાષ્ટ્રપિતા શબ્દ વાપર્યો. જંગ માટે આશીર્વાદ માંગ્યા. આ સર્વ પ્રથમ સંબોધન હતું. ત્યાર બાદ આ શબ્દ ખુબ વપરાવા લાગ્યો. જે આજ સુધી ચાલુ છે. રાષ્ટ્રપિતા એક માનવાચક શબ્દ છે, પણ સંવિધાનમાં ક્યાંય ઉલેખ નથી કરાયો. આ નામનું કોઈ પદ પણ નથી. બાપુ, મહાત્મા, રાષ્ટ્રપિતા આ તમામ વિશેષણો છે. સંબોધન છે. કોઈ પદ નથી. તો, માત્ર ગાંધીપુજા કરવી પણ યોગ્ય



નથી. કોઇને વખોડવાની વાત નહીં, પણ સહિયારા પ્રયાસથી આઝાદી મળી હતી આટલું સ્વીકારવું રહ્યું.

એમના મૃત્યુ બાબતે આજે પણ રહસ્ય પ્રવર્તે છે.

વિગતો મુજબ, ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫નાં રોજ વિમાન અકસ્માતમાં તાઇવાનમાં ૪૮ વર્ષની ઉંમરે નેતાજીનું મોત થયું. પણ આ અંતિમ સત્ય ન પણ હોઈ શકે એવી વાતો થતી રહી છે. કહેવાય છે કે આ દિવસે તાઇવાનમાં કોઈ પ્લેન ઊડયું જ નહોતું. એમનું મૃત્યુ રશિયામાં થયું હોવાનું પણ કહેવાય છે. એક મત એવો પણ છે કે તેઓ ગુમનામી બાબા તરીકે ઉતર પ્રદેશમાં ફૈઝાબાદમાં રહેતા હતા. દરેક વાતની પોત પોતાની થિયરી છે. અમુક પ્રમાણ પણ મળે છે. પણ ક્યા પ્રમાણ સાચા, ક્યા ઝૂઠા એ તપાસ એજન્સીઓ જ નક્કી કરી શકે. આ વિષય પર અનુજ ધર નામનાં પત્રકારે ઘણું સંશોધન કર્યું છે. પુસ્તકો પણ લખ્યાં છે. બેક ફ્રોમ ડેડ ઇન સાઈડ ધ સુભાષ ચંદ્ર બોઝ મિસ્ટ્રી (૨૦૦૫), સીઆઇએઝ આઇ ઓન સાઉથ એશિયા (૨૦૦૮) , ઈન્ડિયાઝ બિગેસ કવર અપ (૨૦૧૨), નો સિક્રેટસ્ (૨૦૧૩), વોટ્ હેપન્ડ ટુ નેતાજી (૨૦૧૫), ગુમનામી બાબા એ કેસ હિસ્ટ્રી (૨૦૧૭) સહિતનાં પુસ્તકો લખ્યાં છે. આ લેખકનાં દાદા બ્રિટિશ ઇન્ડિયન આર્મીનાં સૈનિક તરીકે આફ્રિકા અને કોહિમા લડવા ગયેલા. દાયકાઓ સુધી તલસ્પર્શી અભ્યાસ કર્યાં બાદ પણ લેખક કોઈ અંતિમ નિર્ણય પર નથી આવી શક્યા.

નહેરુએ પોતાનાં બહેનને રાજદૂત તરીકે સ્ટાલિનને મળવા મોકલેલાં, પણ આ રાજદૂતને મળવાને સાંભળવાનો તેમણે ઇનકાર કરી દીધો હતો. સ્ટાલિન નહેરુ અને ગાંધીની વિચારધારાનાં વિરોધી હતા. તાત્પર્ય કે સ્ટાલિન બોઝની હત્યા કરાવે એનો છેદ ઉડી જાય છે.

આ ઉપરાંત અનેક સંશોધન થયાં છે. સરકાર દ્વારા પણ અગાઉ તપાસ એજન્સીઓ નીમી હતી. પણ મોતનું રહસ્ય હજી અકબંધ છે.

અવતરણ

બોઝ બાબુ જીવનભર લડતા રહ્યા અને અંતે રહસ્યમય રીતે મૃત્યુ પામ્યા. સરકારશ્રી કમસે કમ બોઝબાબુનાં મૃત્યુનું કારણ જાણવા પ્રયત્ન તો કરી જ શકે અને અંતિમ તારણ કાઢીને આ ફાઈલ હમેશાં માટે ક્લોઝ કરી નાખે એજ ઇચ્છનીય છે.

( તા.ક.- લેખક રમેશ ગોસ્વામી "સારથિ" ની બહુ ચર્ચિત કોલમ "રંગ દે બસંતી" નું એક પ્રકરણ.)

# ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ માટે ખાસ...




## ધોરણ ૧૦ ગણિત વિષયમાં બોર્ડની ૨૦૨૫ની પરીક્ષામાં સરળતાથી સારા માર્ક્સ કેમ લાવી શકાય?

ડબલ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા **બલદેવપરી સર** દ્વારા સચોટ માહિતી...



- બલદેવપરી ગોસ્વામી
કાથરોટા, જુનાગઢ

નમસ્કાર વિદ્યાર્થીમિત્રો,

આજે આપણે ધોરણ 10માં ગણિત વિષયમાં બોર્ડની 2025ની પરીક્ષામાં સરળતાથી કેમ આપણે આગળ વધી શકીએ અને સારા ગુણ લાવી શકીએ આના માટેની સચોટ માહિતી મેળવશું આ વર્ષે બોર્ડની પરીક્ષા ફેબ્રુઆરી માસમાં વહેલી યોજાનાર છે.

ધોરણ 10માં ગણિતના વિષયમાં બે વિભાગ છે એક છે (1) બેઝિક ગણિત અને બીજું છે (2) સ્ટાન્ડર્ડ ગણિત બંને પેપર ફૂલ 80 ગુણના હોય છે જેમાં પાસ થવા માટે 80 માંથી ઓછામાં ઓછા 26 ગુણ મેળવવા ફરજિયાત હોય છે અને શાળા કક્ષાએથી વાર્ષિક પરીક્ષાઓ અને અન્ય પ્રવૃતિ સાથે 20 માંથી 7 ગુણ લાવવા ફરજિયાત હોય ફૂલ

26+7 = 33 ગુણ બોર્ડની પરીક્ષામાં પાસ થવા માટે આવશ્યક છે.

મિત્રો, ભણવામાં બંને ગણિતની ટેક્સ બુક એકજ છે એટલે કે પાઠ્યપુસ્તક છે તે એક જ છે. એનો અર્થ એવો છે કે બંનેને માત્ર માળખા અલગ છે એટલેકે પ્રકરણ મુજબ ગુણભાર અલગ અલગ છે.

હમણાં જ ટૂંક સમયમાં સરકારશ્રીએ પણ એક પરિપત્ર કરેલો છે કે, જે બેઝિક ગણિત રાખનારા બાળકો હતા એ ધોરણ 12 સાયન્સમાં એ ગ્રુપમાં જઈ શકતા નહોતા અને એને પાછળથી સ્ટાન્ડર્ડ ગણિતની પરીક્ષા પાસ કરવી પડતી હતી. પરંતુ હવે બેઝિક ગણિત રાખનારા વિદ્યાર્થીઓ પણ ગણિતની પરીક્ષા આપ્યા સિવાય એ ગ્રુપમાં એડમિશન મેળવવું હશે તો મેળવી શકશે. આ વાત થઈ ગણિત પછી આગળ અભ્યાસક્રમ માટે એડમિશન પ્રક્રિયાની, પરંતુ અત્યારે આપણે બેઝિક ગણિતની પ્રથમ વાત કરશું કે એ પરીક્ષાની બ્લુપ્રિન્ટ કેવી હોય છે? પેપરનું માળખું કેવું હોય છે? કેટલા વિભાગ હોય છે? અને આ વિભાગ મુજબ આપણે સરળતાથી માહિતી મેળવશું પહેલા ચારે ચાર વિભાગની ટૂંકમાં વાત કરીએ તો વિભાગ એ ની અંદર 24 ગુણના ટૂંકા પ્રશ્નો પૂછવામાં આવે છે અને વિસ્તૃત ચર્ચા આપણે આગળના ક્રમશઃ અંકમાં કરશું એટલે કે એક ગુણનો એક પ્રશ્ન એવા 24 ગુણ છે એટલે એવા કેટલાક પ્રકરણ એવા છે કે જેમાંથી એક માર્કનું અથવા એક પણ માર્કનું પૂછવામાં આવતું નથી હોતું. તો કયા પ્રકરણમાં કેટલું કેટલું પુછાય એની વાત આપણે કરશું ત્યારબાદ વિભાગ બી છે એ 18 ગુણનો હોય છે, જેમાં નવ પ્રશ્નોના જવાબ આપવાના હોય અને 13 પ્રશ્નો માંથી ગમે 9 પ્રશ્નોના જવાબ આપવાના હોય એટલે કે ચાર પ્રશ્નો વધારાના આપેલ હોય છે એટલેકે વિધ્યાર્થીઓને સરળતા રહે એ માટે અથવામાં 4 પ્રશ્નો પણ એમાં આપણને આપેલા હોય છે. 9 પ્રશ્નોના જવાબ આપતા આપણને કુલ 18 ગુણનું એમાંથી માર્કિંગ લેવાનું થતું હોય ત્યારબાદ વિભાગ સી જેમાં પણ વિભાગ બી ની જેમજ 18 ગુણના પ્રશ્નો પૂછાતા હોય છે. કૂલ 9 પ્રશ્ન પુછાય અને જેમાંથી 6 પ્રશ્નોના જવાબ આપવાના હોય છે દરેક પ્રશ્નના ત્રણ ગુણ હોય એટલે કુલ 18 માર્કસનું વિભાગ સી નું ભારણ હોય છે. જેમાં પણ અથવાના વધારાના 3 પ્રશ્ન પણ પૂછવામાં આવતા હોય છે અને નવમાંથી ગમે તે છ પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓએ આપવાના હોય છે

વિભાગ ડી 20 ગુણનો હોય જેમાં એક પ્રશ્ન ચાર માર્કનો હોય અને પાંચ પ્રશ્નોના જવાબ આપવાના હોય જેમાં પણ બે ઓપ્શન પ્રશ્ન આપવામાં આવે અને તે આપેલા સાત પ્રશ્નોમાંથી ગમે તે પાંચ પ્રશ્નોના જવાબ આપણે આપવાના હોય જેમાં બે અથવાના પ્રશ્નો હોય છે હાલ આપણે ગણિતના બે પ્રકારમાં (1) બેઝિક ગણિતના માળખાની આપણે ડિસ્કસ કરી.

આ જ પ્રમાણે આવી જ રીતે વિભાગ મુજબ સ્ટાન્ડર્ડ ગણિતમાં પણ પૂછવામાં આવે છે તો આપને પ્રશ્ન થાય કે સ્ટાન્ડર્ડ ગણિત અને બેઝિક ગણિતમાં પેપરમાં શું ફેર છે? પુસ્તક એકજ છે? અભ્યાસક્રમ પણ સરખો છે તો બંને ગણિતના અલગ અલગ

પેપરમાં શું હોય?

બંનેના પેપર બોર્ડની પરીક્ષામાં પેપર પણ અલગ અલગ દિવસે હોય છે.

જાણીએ શું હોય છે ફેરફાર :

બંને પેપરમાં માત્રને માત્ર પ્રકરણના ગુણભાર અલગ અલગ હોય છે અને પેપર અલગ અલગ દિવસે બોર્ડની પરીક્ષામાં હોય છે તો આપણે ગુણભાર પ્રમાણે પણ એની ચર્ચા કરવાના છીએ એટલે બંને ગણિતનો ડિફરન્સ એક ચાર્ટ દ્વારા આપણે જોઈ લઈશું અને આ નીચે આપેલ ટેબલ પરથી બરાબર અભ્યાસ કરશો તો ખ્યાલ આવી જશે કે ક્યાં પ્રકરણમાંથી બેઝિક ગણિતમાં કેટલું પુછાય છે અને સ્ટાન્ડર્ડ ગણિતમાં કેટલું પુછાય છે જોકે ગુજરાતમાં સૌથી વધુમાં વધુ બાળકો બેઝિક ગણિત રાખતા હોય છે અને પાસ થવું એમાં ખૂબ સહેલું છે ગણિતમાં કુલ 14 પ્રકરણ છે અને બંને બેઝિક ગણિત અને સ્ટાન્ડર્ડ ગણિતની અંદર પણ 14 પ્રકરણના જ ગુણભાર અલગ અલગ રીતે ડિવાઇડ કરેલા છે તો એનો ચાર્ટ નીચે આપેલો છે ત્યારબાદ આપણે બંને ગણિતની વિભાગ વાઇઝ આવતા અંકમાં શેષ જાણકારી મેળવશુ.

(ક્રમશઃ)

| ક્રમ | પ્રકરણનું નામ | વિભાગ | | | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| | | A (1 ગુણ) | B (2 ગુણ) | C (3 ગુણ) | D (4 ગુણ) | | |
| 1 | વાસ્તવિક સંખ્યાઓ | 02 | – | – | – | 02 | 02 |
| 2 | બહુપદીઓ | 02 | 02 | – | – | 06 | 06 |
| 3 | દ્વિચલસુરેખ સમીકરણયુગ્મ | 02 | – | 02 | – | 04 | 08 |
| 4 | દ્વિઘાત સમીકરણ | 01 | 01 | – | 01 | 05 | 07 |
| 5 | સમાંતર શ્રેણી | 02 | 02 | 01 | 01 | 08 | 13 |
| 6 | ત્રિકોણ | – | – | – | 02 | 04 | 08 |
| 7 | યામભૂમિતિ | 01 | 02 | 02 | – | 08 | 11 |
| 8 | ત્રિકોણમિતિનો પરિચય | 02 | 02 | – | – | 04 | 06 |
| 9 | ત્રિકોણમિતિનો ઉપયોગ | – | 01 | – | – | 02 | 02 |
| 10 | વર્તુળ | 02 | – | 02 | – | 05 | 08 |
| 11 | વર્તુળ સંબંધિત ક્ષેત્રફળ | 02 | – | – | – | 02 | 02 |
| 12 | પૃષ્ઠફળ અને ઘનફળ | 02 | 02 | – | – | 06 | 06 |
| 13 | આંકડાશાસ્ત્ર | 03 | 01 | 01 | 02 | 14 | 16 |
| 14 | સંભાવના | 03 | – | 01 | 02 | 10 | 14 |
| | પ્રશ્નો:→ | 24 | 09/13 | 06/09 | 05/08 | 80 | 109 |
| | ગુણ:→ | 24 | 18 | 18 | 20 | 80 | |

- માર્ચ 2024 ની પરીક્ષાના ગણિત ના પરિરૂપ

| પ્રકરણનું નામ | બેઝિક ગણિત ગુણ | બેઝિક ગણિત ગુણ અથવા સાથે |
|---|---|---|
| 01-વાસ્તવિક સંખ્યાઓ | 02 | 02 |
| 02-બહુપદીઓ | 06 | 06 |
| 03-દ્વિચલ સુરેખ સમીકરણયુગ્મ | 04 | 08 |
| 04-દ્વિઘાત સમીકરણ | 05 | 07 |
| 05-સમાંતર શ્રેણી | 08 | 13 |
| 06-ત્રિકોણ | 04 | 08 |
| 07-યામ ભૂમિતિ | 08 | 11 |
| 08-ત્રિકોણમિતિનો પરિચય | 04 | 06 |
| 09-ત્રિકોણમિતિના ઉપયોગો | 02 | 02 |
| 10-વર્તુળ | 05 | 08 |
| 11-વર્તુળ સંબંધિત ક્ષેત્રફળ | 02 | 02 |
| 12-પૃષ્ઠફળ અને ઘનફળ | 06 | 06 |
| 13-આંકડાશાસ્ત્ર | 14 | 16 |
| 14-સંભાવના | 10 | 14 |
| કુલ ગુણ | 80 | 80 |

**જગત** જ્યારે જ્યારે તમને **નડતું** રહે છે,
ત્યારે ત્યારે **તમારામાં** તમને કંઈક નવું **જડતું** રહે છે.



શશીપુરી પી. ગોસ્વામી
સુરત

# દીકરી : પપ્પા, તમે ક્યારેય રડ્યા છો?

દીકરી મોટી થઈ, એક દિવસ તેણે તેના પિતાને ખૂબ જ સરળ રીતે પૂછ્યું,

પપ્પા, તમે ક્યારેય રડ્યા છો? પિતાએ કહ્યું, "હા".

દીકરીએ ભારે આશ્ચર્ય સાથે પૂછ્યું, ક્યારે?

પિતાએ કહ્યું, તે સમયે તું લગભગ એક વર્ષની હતી, તારા ઘૂંટણ પર ચાલતી હતી. મેં તારી સામે પૈસા, પેન અને રમકડું મૂક્યું હતું. કારણ કે મારે એ જોવાનું હતું કે તુ ત્રણમાંથી કઇ વસ્તુ ઉપાડે છે અને મોટી થઈને શેના પર વધુ મહત્વ છે એ પણ મારે જોવુ હતુ.

જેમાં પૈસો એટલે સંપત્તિ, કલમ એટલે બુદ્ધિ અને રમકડું એટલે આનંદ.

મે સહજતાથી અને કુતુહલથી જોયુ કે, તું ઘુટણ પર ચાલતી ચાલતી એ ત્રણેય વસ્તુને ભેગી કરી એક જગ્યાએ મુકીને મારા ખોળામાં બેસી ગઈ.

મને ત્યારે એ ખ્યાલ ન રહ્યો કે આ ત્રણ વસ્તુઓ તથા હું પણ તારી પસંદગીમાં હતો. ત્યારે હું પહેલી અને છેલ્લી વાર રડ્યો. એ પણ હર્ષના આંસુ હતા.

**દિકરીએ ભગવાને આપેલી સૌથી અમુલ્ય ભેટ છે.**

કેટલુ સરસ લખ્યુ એક પિતાએ....

**"અમને તો સુખમાં જ સાથી જોઈએ, દુઃખમાં તો મારી દીકરી એકલી જ કાફી છે"**



# દશનામ ગોસ્વામી સમાજના તેજસ્વી કલાકારોને
# સ્ટાર એવોર્ડસ-૨૦૨૪
## એનાયત કરવામાં આવ્યા.

પાટણ: ગુજરાતના ખ્યાતનામ ગ્રુપ મોરલો દ્વારા ગત તારીખ ૨૮ જુલાઈ ૨૦૨૪ નાં રોજ પાટણ મધ્યે ગુજરાતનાં ખ્યાતનામ દશનામ ગોસ્વામી સમાજનાં વિવિધ ક્ષેત્રમાં સફળતાને વરેલા કલાકારોને દશનામ સ્ટાર એવોડ્ર્સ એનાયત કરવામાં આવ્યા હતા.

મોરલો ગ્રુપ દ્વારા આયોજિત આ એવોડ્ર્સ સમારંભમાં ૬૦થી વધુ લોકોને એવોડ્ર્સ અપાયા હતા. એપીએમસી હૉલ મધ્યે યોજાયેલ આ ભવ્ય કાર્યક્રમમાં ગ્રુપનાં ચેરમેન શ્રી શૈલેષપુરી ગોસ્વામી ઉર્ફે મોરલો તથા એવોડ્ર્સ ફાઉન્ડર GMERS ગાંધીનગરના CEO શ્રી યોગેશાનંદ ગોસ્વામીનાં અંતરપૂર્વકથી પ્રયત્નોથી યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાતનાં વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ પધાર્યા હતા. ગુજરાત પ્રદેશ ભાજપનાં પૂર્વ મહામંત્રી શ્રી કે. સી. પટેલ, એપીએમસી પાટણનાં ચેરમેન શ્રી સ્નેહલભાઇ પટેલ, સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



આ પ્રસંગે ગોલ્ડન વોઇસ શ્રી દેવપુરી ગોસ્વામી "પગલી",



ડૉ. પિયુષ વ્યાસ, દિવ્યા ચૌધરી, માનસી દવે સહિત અનેક સેલિબ્રિટી હાજર રહ્યાં હતાં. ગોસ્વામી સમાજનાં અલગ અલગ ક્ષેત્રમાં સફળતા પામેલા લોકોને એવોર્ડ્સ અપાયા હતા. આપણાં સમાજનું ખ્યાતનામ મેગેઝિન " દશનામ સરક્યુલર વિશેષાંક"ના સહતંત્રીશ્રી તેમજ નવલકથા "અભિનેત્રી" ફેમ લેખક શ્રી રમેશ ગોસ્વામી "સારથિ" સહિત સમાજનાં ૬૦થી વધુ લોકોને એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા હતા. સંગીતનાં સથવારે યોજાયેલ આ કાર્યક્રમને સફળ બનાવવા ચેરમેન શ્રી શૈલેષપુરી ગોસ્વામી "મોરલો" એ જહેમત ઉઠાવી હતી તથા આભારવિધિ કરી હતી. દિપપ્રાગટ્ય બાદ ખુલ્લા મુકાયેલા મંચ પર સમાજનાં લોકોને પ્રોત્સાહન મળે એ માટે એવોર્ડ્સ એનાયત કરવામાં આવેલ, એવું શ્રી શૈલેષપુરી ગોસ્વામીએ જણાવ્યું હતું.

**જાણવું જરૂરી છે**



# શું તમે લિક્વિડ નાઈટ્રોજન વિશે જાણો છો?

ચિરાગગીરી જી. ગોસાઈ
અમદાવાદ

**મિનરલ વોટરના કેરબામાં પાણી ઠંડુ કરવા માટે અને લાંબો સમય ઠંડુ જાળવવા માટે 20 લીટરના એક કેરબામાં લિક્વિડ નાઇટ્રોજનનુ ફક્ત એક ટીપું જ નાંખવામાં આવે છે !! જે આખો દિવસ કેરબાના પાણીને ઠંડુ રાખે છે. અને આ જગનું વધેલું પાણી તે લોકો પરત પણ રાખતા નથી.**

માત્ર એક સળી જેવું સાધન અને એના પર અમુક માત્રા (એક ટીપાં કરતાંય ઓછી માત્રા) લિક્વિડ નાઇટ્રોજનની હોય છે, આ બાબત કોઈ મિનરલ વોટરવાળો તમને નહીં જણાવે પણ જો તમારે તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું હશે તો મિનરલ વોટરના જગનો ત્યાગ કરવો જ પડશે.

તમારી ઓફિસે, ઘરે, ફેક્ટરી પર કે આપના શુભ / અશુભ પ્રસંગેના જમણવાર વખતે ઠંડા કેરબામાં, ઠંડા જગમાં મિનરલ વોટર મંગાવવાનુ ટાળો કારણ કે આપણી અજાણતામાં, લોકોના સ્વાથ્ય સાથે ગંભીર, ચેડાં થઈ જાય છે. અને સાથે સાથે, તમે પણ કોઈને ત્યા ગયા હોવ તો પોતે મિનરલ વોટરના કેરબાનુ ( ડિસ્પેન્સર પર મુકેલા કેરબાનુ) પાણી પીવાનુ ટાળો, આ વાત તમારા ફેમીલીમાં પણ સમજાવી દો.

**આ છે "લિક્વિડ નાઇટ્રોજન" વિષે ની સાચી જાણકારી..,**

**જો ના જાણતા હોવ, તો થોડું જાણી લો.**

**"લિક્વિડ નાઇટ્રોજન"** એક પ્રકારનું એસીડીક કેમિકલ છે. જે ફ્રિજ તથા એ.સી.માં ઠંડક માટે વપરાય છે. તેમજ લોખંડ તેમજ અન્ય ધાતુઓના સ્પેર પાર્ટસને, ઘસારા સામે ટકી રહેવા અને પાર્ટસને વધુ લાઇફ મળે તે માટે, ક્રાયોજેનીક અથવા નાયટ્રાઈડીંગ કરી, પાર્ટસને હાર્ડનીંગ (સખત / ખુબ જ કડક) કરવામાં આ પ્રવાહીમાં ડુબાડીને પ્રોસેસ છે. આ પ્રોસેસ લિક્વિડ નાઇટ્રોજનમાં નાંખીને કરાય છે.



અત્યારના સમયમાં ખાવાની વાનગીઓ બનાવવા માટે તેનો ઉપયોગ વધ્યો છે અને લિક્વિડ નાઇટ્રોજન વાપરેલો હોય તેવી ડીશની કિંમત 2000 રૂપિયાથી લઇને 10,000 રૂપિયા સુધીની હોય છે. અને આ વાનગીઓ ખાવાનો ટ્રેન્ડ પણ ખુબ ચલણમાં છે.

તાજેતરમાં જ દિલ્હીના એક બિઝનેસમેને લિક્વિડ નાઇટ્રોજનવાળું કોકટેલ પી લેતા તેના જઠરમાં છેદ થઇ ગયો હતો, મહામહેનતે માણસ બચી તો ગયો પણ આજીવન ખોટ સાથે જીવશે.

**લિક્વિડ નાઇટ્રોજન આટલો હાનિકારક શા માટે ?**

તે જ્યારે લીક્વીડ (પ્રવાહી) સ્વરૂપમાં હોય ત્યારે (માઇનસ) -190 ડિગ્રી તાપમાન ધરાવે છે જે શરીરમાં જતા જ પેશીઓ અને ચામડીને કાયમ માટે શિથિલ કરી દે છે. તથા શરીરમાં અંદર પહોંચીને તે લિક્વિડમાંથી ગેસ બની જાય છે જે લિક્વિડ કરતા 600ગણી જગ્યા વધુ રોકે છે પરિણામે જઠર ફાટી જાય.



# વરસાદની સિઝનમાં શરદી-ઉધરસથી મુક્તિ મેળવવા સરળ ઘરેલું ઉપાય...



ડૉ. નંદિની એસ. ગોસાઈ
જામનગર

ચોમાસાની સિઝનની શરૂઆત થઈ ગઈ છે અને સાથે જ વરસાદનું આગમન પણ થઈ ગયું છે. ખાસ કરીને કેટલાક લોકો એવા પણ હોય છે જેમને વરસાદી વાતાવરણમાં વારંવાર શરદી થાય છે. વરસાદી વાતાવરણમાં થતી શરદી-ઉધરસની સમસ્યાથી રાહત મેળવવા માટે દવા લેવાની જરૂરી નથી. સિઝનલ શરદીથી મુકિત મેળવવાના કેટલાક સરળ ઉપાય કરી શકાય.

**નાસ લેવો :** સ્ટેમ લેવાથી શરદીના કારણે બ્લોક થયેલું નાક ખૂલી જાય છે. સ્ટીમ લેવાથી શરદી અને ઉધરસમાં રાહત મળે છે. સ્ટીમ લેવાના પાણીમાં તમે નીલગિરિનું તેલ અથવા બામ પણ ઉમેરી શકો છો. દિવસમાં બે થી ત્રણ વખત સ્ટીમ લેવાથી શરદી મટી જાય છે.

**હળદરવાળુ દૂધ :** હળદર એન્ટિ ઈન્ફલેમેટરી અને એન્ટિ બેકટેરિયલ ગુણથી ભરપૂર હોય છે. તે શરદી અને ઉધરસથી તુરંત રાહત આપે છે. વરસાદી વાતાવરણમાં જો શરદી જેવું લાગે તો એક ગ્લાસ ગરમ દૂધમાં અડધી ચમચી હળદર ઉમેરીને રાત્રે પી લેવું. શરદી ઉધરસથી તુરંત રાહત મળી જશે.

**મીઠાના પાણીના કોગળા :** ઉધરસના કારણ જો ગળામાં દુ:ખાવો રહેતો હોય તો પાણીમાં મીઠું ઉમેરીને કોગળા કરવા જોઈએ. શરદી જેવું હોય ત્યારે દિવસમાં બે થી ત્રણ વખત આ રીતે કોગળા કરી લેશો તો ગળામાં આવેલો સોજો પણ ઉતરી જશે અને ઈન્ફેકશન પણ મટી જશે.

**તુલસી અને મરીની ચા :** કાળા મરી અને તુલસી એન્ટિ વાઈરલ અને એન્ટિ બેકટેરિયલ ગુણધરાવે છે. વરસાદી વાતાવરણમાં શરદી થઈ જાય તો પાણીમાં થોડા તુલસીના પાન અને મરીનો પાવડર ઉમેરી ઉકાળો. હવે આ ચાને ગાળી અને ગરમ ગરમ હોય ત્યારે જ પી લેવી. આ ઉકાળામાં તમે મીઠું પણ ઉમેરી શકો છો. દિવસમાં બે વખત આ ઉકાળો પી લેશો તો શરદી ઉધરસ દવા વિના મટી જશે.

**બોધ**
કથા



# પોતાના કામની **શ્રેષ્ઠતા** **તપાસવાની** એક ગજબની રીત..



**મંથનપુરી એલ. ગોસ્વામી**
**સુરત**

કામ પ્રમાણે ૧૦૦ ટકા સમર્પણ હોય તો ગમે તેવા અવરોધોને તમે પાર કરી શકો છો. અદમ્ય ઉત્સાહ માણસને ખીણથી ટોચ સુધી પહોંચાડી દે છે. કામ કરતી વખતે તમારા કામનું મૂલ્યાંકન પણ કરો. જે કરીએ એ શ્રેષ્ઠ કરવાનો આગ્રહ રાખવો પડે. સ્વ-મૂલ્યાંકન કરવાની પણ એક આગવી રીત છે.

એક અઢારેક વર્ષનો છોકરો એક સ્ટોરમાં દાખલ થયો. દુકાનદાર સાથે નમ્રતાથી વાત કરીને સિક્કાવાળો ફોન વાપરવા દેવા વિનંતી કરી. છોકરાના હાથ મેલા હતા, એટલે સ્પીકર ચાલુ રાખી વાત કરવા લાગ્યો. દુકાનમાં કોઇ ગ્રાહક ન હોવાથી દુકાનદાર પેલા છોકરાની વાત ધ્યાનથી સાંભળતો હતો. સામે છેડે કોઇ પુરુષનો અવાજ હતો.

છોકરાંએ કહ્યું, 'સર તમે મને તમારી ઓફિસમાં કામ આપી શકો ખરા? સામે છેડેથી પેલા ભાઇએ કહ્યું: ના ભાઇ, ઓફિસ વર્ક માટે મેં માણસ રાખી લીધો છે. છોકરો બોલ્યો: 'સર અત્યારે તમારે ત્યાં જે કોઇ કામ કરતું હોય એના કરતાં અડધી કિંમતે હું કામ કરીશ.'' સામે છેડેથી કહ્યું, 'ના ભાઇ હાલ



મારી ઓફિસમાં જે કામ કરે છે એનાથી મને કોઇ જ ફરિયાદ નથી.'

છોકરાએ કહ્યું: 'સર ઓફિસ વર્ક સિવાય પણ હું તમારા બીજા બહારના કામો પણ કરી આપીશ અને એ પણ વધારે કોઇ મહેનતાણું લીધા વગર.'

પેલા ભાઇએ જવાબ આપ્યો: ના ભાઇ. આભાર. મારે હમણાં બીજી કોઇ વ્યક્તિની જરૂર નથી મારે ત્યાં જે છોકરો કામ કરે છે એનાથી મને પૂરો સંતોષ છે. એ ખૂબ શ્રેષ્ઠતાથી કામ કરે છે.

ફોન પર આટલી વાતચીત પતાવીને ખુશખુશાલ ચહેરે એ છોકરો જવા લાગ્યો. દુકાનદારે એને ઊભો રાખ્યો. દુકાનદાર એની વાતચીત કરવાની ઢબથી ખુશ થઇ ગયો હતો. પેલા ભાઇએ કામ આપવાની ના પાડી છતાંય છોકરાના ચહેરા પર નિરાશાની કોઇ રેખા નહોતી. એ છોકરાની ખુમારી એને સ્પર્શી ગઇ હતી. છોકરાને દુકાનદારે પૂછ્યું: 'પેલા ભાઇએ કામ આપવાની ના પાડી તો પણ તું ખુશખુશાલ છે એ મને બહુ ગમ્યું. એણે ભલે તને કામ આપવાની ના પાડી, પરંતુ હું તને કામ આપવા તૈયાર છું. બોલ, કરવું છે અહીં કામ?'

પેલા છોકરાએ હસતાં-હસતાં ના પાડી, દુકાનદારને વળી નવાઇ લાગી. એણે કહ્યું: 'પણ દીકરા હમણાં તો તું પેલા ભાઇ પાસે કામ માટે રીતસર કાકલૂદી કરતો હતો કામ નહોતું જોઇતું તો પછી આજીજી શા માટે કરતો હતો?'

છોકરો હસતાં હસતાં બોલ્યો: 'નહીં સાહેબ હું એ જ સરને ત્યાં કામ કરું છું આ તો મારું કામ કેવું છે એ તપાસવા માટે જ મેં એમને ફોન કરેલો, જેથી હું કેવું કામ કરું છું એનો મને ખ્યાલ આવે.

દુકાનદાર તો આભો જ બની ગયો. પોતાના કામની શ્રેષ્ઠતા તપાસવાની પણ આ ગજબની રીત છે.



# હાસ્ય
કણિકાઓ



દર્શનપુરી ડી. ગોસ્વામી
સુરત

- આ છે ભાષાનો પ્રભાવ...

  રાજકોટમાં રીક્ષાવાળાને..

माधापर चौकडी जाना है - ૩૦૦/- રૂપિયા

માધાપર ચોકડી જવું છે - ૧૦૦/- રૂપિયા

માધાપર સોકડી ઝાવું સે - ૩૦/- રૂપિયા

• • •

- એક જમાનો હતો જ્યારે મોબાઈલ નીચે પડી જતો હતો તો બેટરી બહાર આવી જતી હતી.

  અત્યારે મોબાઈલ નીચે પડી જાય છે તો કલેજા, ફેફસા, લિવર, કિડની બધુંજ બહાર આવી જાય છે.

• • •

- ભૂરો : મૂડ ઓફ હતો વિચાર્યું કે મારા એક દોસ્ત ને ફોન કરી લઉં.

  ૧૫ મિનિટ વાત કર્યા પછી ફોન રાખતી વખતે મારે જ કહેવું પડ્યું કે "ટેન્શન ના લેતો યાર ! બધુ સારું થઇ જશે.

  બહુ કોમ્પિટિશન છે ભાઈ..

• • •

- પડોશમાં પતિ પત્ની માં ઝગડો થઇ રહ્યો હતો, મેં તેઓને સમજાવ્યું કે શરીરના ઘાવ તો ભરાઇ જાય છે પરંતુ શબ્દોના ઘાવ ક્યારેય નથી ભરાતાં....

  ત્યારે બંનેમાં મારપીટ શરૂ થઇ..

• • •

- પતિ પત્ની બંને જમી રહ્યા હતા.

  પતિએ જમીને ઊભા થઇ ને પોતાની થાળી ધોઇ નાખી..

  પત્ની એની સામે ગુસ્સાથી જોયને બોલી "કરી દીધો ને ઈજ્જતનો ફાલૂદો..

  આપણે ઘરે નહીં.. હોટેલમાં છીએ.."

• • •

- શિક્ષક: ચંદ્ર ઉપર પહેલો પગ કોને મૂક્યો હતો?

  પપ્પુ: નીલ આર્મ સ્ટ્રોંગએ.

  શિક્ષક: અને બીજો?

  પપ્પુ: બીજો પણ એણે જ મૂક્યો હશેને..

  એ લંગડી રમવા થોડો ગયો હતો.

• • •

- એક બહેન નાના બાળકને તેડીને લીફ્ટમાં ભૂરાની સાથે એન્ટર થઇ.

  ભુરાએ લિફ્ટના બટન દબાવતા પૂછ્યું, ત્રીજો કે ચોથો.

  એ બહેન ગુસ્સાથી બોલી બાજુ વાળાનો છે મારો નથી..


• • •

- ભૂરો : જીગા, શું વિચારે છે?

  જીગો : આ દરરોજ ઓફિસમાં આવીને બેગમાંથી લેપટોપ, ચાર્જર, માઉસ, યુએસબી કેબલ, હેડફોન અને મોબાઈલ ચાર્જર કાઢીને ટેબલ ઉપર મૂકીએ ત્યારે ખરેખર ગામના મદારી જેવી ફિલિંગ આવે છે..!

હેલ્થ
ટીપ્સ






# એલર્જી એટલે શું?



ડૉ. સાગરગીરી આર. ગોસાઈ
જામનગર

આપણું શરીર તેમાં પ્રવેશતા વિવિધ રજકણો, બાહ્ય તત્વો, વિવિધ બેક્ટેરીયા, વાયરસ વગેરે સામે રક્ષણતંત્ર ધરાવે છે. જ્યારે કોઇ પરાગરજ કે ધૂળના રજકણ આપણા શરીરમાં શ્વાસ વાટે શ્વસનનળીનાં સંપર્કમાં આવે છે ત્યારે આ કોષોમાં પ્રતિસાદરૂપે એન્ટી-બોડીઝ ઉત્પન્ન થાય છે જેને એલર્જી તરીકે ઓળખવામાં આવે છે. સાદા શબ્દોમાં કહીએ તો શરીર જે વસ્તુને સહન કરી શકતી નથી અને તેની પ્રતિક્રિયારૂપે જે શારીરિક તકલીફ ઉદભવે છે તેને એલર્જી કહેવામાં આવે છે.

### એલર્જીના પ્રકાર:

**શરદી:** જેમાં નાકમાંથી પાણી આવવું, છીંકો આવવી, નાક બંધ થઈ જવું, ખાંસી આવવી, માથાનો દુખાવો વગેરે.

**દમ:** શ્વાસ ચઢવો તે પણ એલર્જીનો પ્રકાર છે જેની અતિ તીવ્રતા અસ્થમા તરીકે પણ ઓળખાય છે.

**આંખો:** આંખો લાલ થવી, ઝીણી વલુર આવવી, પાણી નિકળવું, આંખની આજુબાજુ પાંપણ સુઝી જવી.

**ચામડી:** ખંજવાળ આવવી, ખરજવું થવું, ચામડી લાલ થઈ જવી વગેરે.

**ડ્રગ:** કેટલીક દવાઓ લેવાથી પણ રિએક્શન આવવું તથા અન્ય સમસ્યા થવી એ ડ્રગ એલર્જીના પ્રકારો છે.

### એલર્જી કરતા ઘરેલુ કારણો:

- પલંગ અને તકીયામાં રહેતા ધૂળના રજકણો.
- માઈટ નામની જીવાત.
- પ્રાણીનો ખોડો, પ્રાણીની રૂવાટી, ફૂગ, ઊન.
- અગરબત્તીની વાસ, સિગરેટનો ધુમાડો.
- મચ્છર અગરબત્તીની વાસ, સ્ટ્રોંગ પરફ્યુમ, રસોઈનો વઘાર.
- જૂના ચોપડા, પસ્તી-પેપર.

- દળાતા લોટની રજોટી.

**ઘર બહારનાં કારણો:**

- પરાગરજ, કેરોસીન-લાકડા તથા વાહનો સહિતની વસ્તુઓના કારણે થતો ધૂમાડો.
- કોસ્મેટીક વસ્તુઓનો ઉપયોગ, હવામાનમાં ફેરફાર (ખાસ કરીને ઠંડી કે ભેજવાળી હવા), કાપડની મિલો પાસે ઉડતી રૂ ની રજકણો.
- કન્સ્ટ્રક્શન સાઈટ્સ પાસે ઉડતી ધૂળ, સિમેન્ટની રજકણો.
- જંક ફૂડ, ઠંડા પીણા, આઈસ્ક્રીમ, બરફ જેવા ખોરાક.

**નિદાન:**

- લોહીમાં શ્વેતકણોમાં ઈયોસિનોફિલના ટકા માપવા.
- લોહીમાં IgEનું પ્રમાણ.
- ચામડીની એલર્જી માટે સ્કીન પ્રિક ટેસ્ટ.
- છાતીનો એક્સ-રે, પીએફટી ટેસ્ટ.

**ઔષધ-ઉપચાર:**


- એલર્જીની સારવાર અને ઉપચાર માટે ડોકટરનો સંપર્ક કરો.
- એન્ટી હિસ્ટામાઈન ગોળીઓ, શ્વાસ નળીને એલર્જીથી મુક્ત કરતી દવાઓ, ઈન્જેક્શન અથવા નેબ્યુલાઈઝરથી આપવામાં આવે છે.
- જરૂર પડે સ્ટીરોઈડ્સ પણ આપવામાં આવે છે.
- જીભ નીચે મુકવાની એન્ટી એલર્જીક દવાઓ.

**સૂચનો:**

- ઘરમાં હવા સ્વચ્છ અને તાજી રહે તે માટે અગરબત્તી કે રસોઈનો ધૂમાડો તથા વાસના નિકાલ માટે રૂમની બારીઓ ખોલી નાંખો.
- કેરોસીન, કોલસો કે લાકડાનો બળતર તરીકે ઉપયોગ કરતી વખતે તેનો ધૂમાડો ઘરની બહાર નિકળે તેવી વ્યવસ્થા રાખો.
- વંટોળ, વાવાઝોડા જેવી પરિસ્થીતીમાં ઘરમાં આવતી ધૂળ, આજુબાજુના ફૂલ-ઝાડની પરાગરજને ઘરમાં પ્રવેશતી અટકાવવા બારી બંધ રાખો.
- રૂમની સફાઈ, રંગ-રોગાન, દવાઓનો છંટકાવ એલર્જીનો દર્દી ઘરમાં ના હોય ત્યારે કરો અને માસ્ક પહેરો.
- ખોરાકની એલર્જી ધરાવતા દર્દીઓએ થોડું જમવુ, પેટ ભરીને એક વારમાં જમવું નહીં.
- વાસી ખોરાક તથા આથા વાળી વસ્તુઓ ખાવાનું ટાળવું.
- ફૂડ કલર્સ, પ્રિઝર્વેટીવ વાળા ખોરાક તથા જંક ફૂડથી દૂર રહો.
- મધમાખી જેવા જંતુના ડંખના ઝેર પ્રત્યે જીવલેણ પ્રતિક્રિયા થઇ શકે છે અને તે માટે યોગ્ય તપાસ.
- ક્રોનિક શીળસ ઘણા મહિના સુધી કે વર્ષો સુધી રહી શકે છે જેમાં એલર્જી ભાગ્યે જ શોધી શકાય છે.

**ચિત્ર**
સંદેશ

# દયાળુ બનો, ન્યાય ન કરો અને અન્ય લોકો માટે આદર રાખો.



## BE KIND, DON'T JUDGE AND HAVE RESPECT FOR OTHERS.

# આભાર

ૐ નમો નારાયણ,

અત્યંત આનંદની લાગણી સાથે આ **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝીનનો **ઓગસ્ટ–૨૦૨૪**નો **૨૬મો** અંક આપની સમક્ષ રજૂ કરીએ છીએ. આપના સહકાર બદલ આપ સર્વે જ્ઞાતિબંધુઓ, વાચક મિત્રો, લેખક બંધુઓ સર્વેનો દિલથી આભાર વ્યક્ત કરૂં છું...

મને આશા છે કે આ અંક પણ આપને જરૂર ગમશે અને ઉપયોગી થશે. અગર આપ એવું ઈચ્છતા હો કે આ અંક આપણા સમાજના દરેક પરિવાર, સભ્ય સુધી પહોંચે, તો આપ આપના સગા-સ્નેહીજનો-મિત્રોના ગ્રુપમાં પણ જરૂર શેર કરજો.

**'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝીનમાં સંકલિત કરેલી કેટલીક ઉપયોગી માહિતી સોશિયલ મિડીયાના માધ્યમથી આપણા સમાજની દરેક વ્યકિત, પરિવાર સુધી પહોંચે અને ઉપયોગી થાય એવો અમારો આ નમ્ર પ્રયાસ છે. આ ઈ-મેગેઝિનનો અંક દર અંગ્રેજી મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રસિદ્ધ થાય છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનને હજુ પણ શ્રેષ્ઠતમ બનાવવા આપના સૂચનો આવકાર્ય છે.

આ અંક માટે આપનો અભિપ્રાય અમને **વોટ્સએપ, ટેલિગ્રામ** અથવા **ઈ–મેલ** પર જરૂર મોકલશો, આપનો અભિપ્રાય અમારો ઉત્સાહ વધારશે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનના આગળના દરેક અંક આપ અમારી **ટેલિગ્રામ ચેનલ, વોટ્સએપ ગ્રુપ, ગુગલ ડ્રાઈવ** તેમજ **ઈન્ટરનેટ આરકાઈવ** પરથી દરેક અંક વિનામુલ્યે પ્રાપ્ત કરી શકો છો. જેની લિંક આ અંકમાં આપેલી છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીના અંકો સમાજના હજારો લોકો સુધી પહોંચે છે. દરેક ના અભિપ્રાય, સૂચનો પણ મળે છે. આપનો ખૂબ ખૂબ ધન્યવાદ.

આપના આશીર્વાદ અને સાથ સહકાર મળતા રહે એવી અપેક્ષા સહ...
**ૐ નમો નારાયણ...**

- લલિતપુરી આર. ગોસ્વામી

# દશનામ
## સરક્યુલર

## ''સમાજશ્રેષ્ઠી વિશેષાંક''

ૐ નમો નારાયણ,

દશનામ પરિવારજનો તેમજ વાચક મિત્રો,

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે દશનામ ગોસ્વામી સમાજના પ્રસિદ્ધ ઈ-મેગેઝિન **''દશનામ સરક્યુલર''** દ્વારા દશનામ ગોસ્વામી સમાજનું નામ રોશન કરતા વિવિધ ક્ષેત્રના મહાનુભાવો તેમજ નિઃસ્વાર્થ ભાવે સમાજ સેવા કરતા ગુજરાતભરના મહાનુભાવોનો જીવન પરિચય આપતો વિશેષાંક **''સમાજશ્રેષ્ઠી વિશેષાંક-૧''** પ્રકાશિત થઈ ચૂકયો છે. જેને આપ સૌના તરફથી ખૂબજ આવકાર મળ્યો તે બદલ આપ સૌ વાચક મિત્રો તેમજ જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ ધન્યવાદ. આ અંક વિશે આપના અભિપ્રાય જરૂર મોકલશો.

આપણાં ગોસ્વામી સમાજના **સમાજ સેવકો, કથાકાર, ડૉક્ટર, શિક્ષક, ભજનિક, મહિલા મંડળ, ખેલાડીઓ, સંતો-મહંતો, ચેતન સમાધિઓ, શૂરવીરો, કલાકારો, વગેરે મહાનુભાવોના જીવન પરિચય** સહિતના વિવિધ સાહિત્યિક વિશેષાંકો બનાવવામાં આવી રહ્યા છે.

**''દશનામ સરક્યુલર'' ઈ-મેગેઝિનનું કોઈ લવાજમ કે ફી લેવામાં આવતી નથી, તદ્દન નિઃશૂલ્ક ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવે છે.** આપને નિયમિત અંક મળતો રહે તે માટે આ મેગેઝિનમાં આપેલ લિંક દ્વારા આપ ડાઉનલોડ કરી શકો છો. ધન્યવાદ.

ટૂંક સમયમાં **''સમાજશ્રેષ્ઠી વિશેષાંક-૨''** પ્રકાશિત થશે.

આપણા ભવ્ય ઈતિહાસને તાજો કરવાનો અમારો આ નમ્ર પ્રયાસ આપ સૌને ગમશે એવી આશા સાથે...

**ૐ નમો નારાયણ.**


તંત્રીશ્રી
**લલિતપુરી રામપુરી ગોસ્વામી**
(M.: 98985 50833)

સહતંત્રીશ્રી
**રમેશપુરી ઉમેદપુરી ગોસ્વામી** "સારથિ"
(M.: 99878 22505)

e-mail : dashnamcircular@gmail.com

# શત્ શત્ નમન

અમારામાં સંસ્કારો અને આવડતોનું સિંચન કરનાર
અમારાં માતા-પિતાને...

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ।।

**પૂ. પિતાશ્રી રામપુરી નારણપુરી ગોસ્વામી • પૂ. માતુશ્રી જમનાબેન રામપુરી ગોસ્વામી**



રબારીકા / જામજોધપુર / સુરત.